વિકસતી જાતિના સરકારી છાત્રાલયોમાં અભ્યાસક્રમવાર નક્કી થયેલ પ્રવેશ ધોરણો અને પ્રવેશના નિયમો

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૦/૪૧૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૬/૦૯/૨૦૨૧

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૯/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૨૦/૪૧૪/અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૨૦/૪૧૪/અ.૧

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૯/૦૬/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./પ્રવેશ/૨૦૨૧-૨૨/૬૫૩

**સુધારા ઠરાવઃ-**

વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) પરના ઠરાવોથી વિકસતી જાતિના સરકારી છાત્રાલયોમાં પ્રવેશના ધોરણો અને પ્રવેશના નિયમો નક્કી કરવામાં આવેલ છે. જેમાં ગ્રુપવાર અભ્યાસક્રમ નક્કી થઇ આવેલ છે. પરંતુ, ગ્રુપવાર નક્કી થયેલ અભ્યાસક્રમો ઉપરાંત અન્ય અભ્યાસક્રમો ઠરાવમાં ઉમેરવા તેમજ ગ્રુપફેર કરવા અંગે વંચાણે લીધા ક્રમાંક (૩) પરના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.)એ દરખાસ્ત કરેલ છે, જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) પરના વિભાગના તા.૦૩/૦૯/૨૦૨૦ ના તથા તા.૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવોમાં નીચે મુજબના સુધારા કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

(અ) વિભાગના તા.૦૩/૦૯/૨૦૨૦ ના ઠરાવના પત્રક-૨ માં નીચે મુજબના સુધારા કરવામાં આવે છે:

(i) ગ્રુપ-બી "અનુસ્નાતક તથા સ્નાતક કક્ષા પછીના ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો" માં <u>એમ.વી.એસ.સી. ઈન વેટેરિનરી સાયન્સ એનીમલ હસ્બન્ડરી, પી.એચ.ડી. ઇન વેટેરિનરી</u>

(P.T.O.)

સાયન્સ એનીમલ હસ્બન્ડરી, એમ.એસ.સી. ઈન ફીશરીસ સાયન્સના અભ્યાસક્રમોનો ઉમેરો કરવામાં આવે છે.

(ii) ગ્રુપ-સી " સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ " માં બેચલર ઈન વેટેરિનરી સાયન્સ એનીમલ હસ્બન્ડરી, બેચલર ઈન ફીસરીશ સાયન્સના અભ્યાસક્રમોનો ઉમેરો કરવામાં આવે છે.

(iii) ગ્રુપ-ડી " અન્ય કક્ષાના અભ્યાસક્રમો " માં ડીપ્લોમા ઈન એનીમલ હસ્બન્ડરીના અભ્યાસક્રમનો ઉમેરો કરવામાં આવે છે.

(iv) ડિપ્લોમા એન્જિનીયરિંગના અભ્યાસક્રમને ગ્રુપ - એ " મેડિકલ / ઈજનેરી અને તેને સંલગ્ન અન્ય અભ્યાસક્રમો " માં સમાવવામાં આવેલ હતો. પરંતુ ડિપ્લોમા એન્જિનીયરિંગએ ધો.૧૦ પાસ પછીનો કોર્ષ હોઈ તેને હવે ગ્રુપ - એ ના બદલે ગ્રુપ - ડી "અન્ય કક્ષાના અભ્યાસક્રમો" માં સામેલ કરવામાં આવે છે.

(બ) વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવના પત્રક-૧ ના ક્રમ-૩ "ડીપ્લોમા એન્જીનીયરીંગ, અન્ય અભ્યાસક્રમમાં ડીપ્લોમા હોય તો " માં ડીપ્લોમા ઈન એનીમલ હસ્બન્ડરીના અભ્યાસક્રમનો ઉમેરો કરવામાં આવે છે.

(ક) વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવના પત્રક-૨ માં નીચે મુજબના સુધારા કરવામાં આવે છે:

(i) ગ્રુપ-બી " અનુસ્નાતક તથા સ્નાતક કક્ષા પછીના ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો " માં એમ.વી.એસ.સી. ઈન વેટેરિનરી સાયન્સ એનીમલ હસ્બન્ડરી, પી.એચ.ડી. ઇન વેટેરિનરી સાયન્સ એનીમલ હસ્બન્ડરી, એમ.એસ.સી. ઈન ફીશરીસ સાયન્સના અભ્યાસક્રમોનો ઉમેરો કરવામાં આવે છે.

(ii) ગ્રુપ-સી " સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ " માં બેચલર ઈન વેટેરિનરી સાયન્સ એનીમલ હસ્બન્ડરી, બેચલર ઈન ફીસરીશ સાયન્સના અભ્યાસક્રમોનો ઉમેરો કરવામાં આવે છે.

(iii) ગ્રુપ-ડી " અન્ય કક્ષાના અભ્યાસક્રમો " માં ડીપ્લોમા ઈન એનીમલ હસ્બન્ડરીના અભ્યાસક્રમનો ઉમેરો કરવામાં આવે છે.

વિભાગના તા.૦૩/૦૯/૨૦૨૦ ના ઠરાવના પત્રક-૨ તથા વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૦ ના ઠરાવના પત્રક-૧ અને પત્રક-૨ માં ઉપર મુજબનો ઉમેરો/ ફેરફાર કરી સુધારેલ પત્રકો આ સાથે સામેલ રાખેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) પરના ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૧/૦૯/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણ:- ઉપર મુજબ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૫) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)

(૬) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૭) સિલેક્ટ ફાઇલ

(P.T.O.)

વિભાગના તા.૦૩/૦૯/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૨૦/૪૧૪/અ.૧ નું સુધારેલ પત્રક-૨

## ફેકલ્ટીવાઈઝ પ્રવેશની ટકાવારી

| ગ્રુપ | અભ્યાસક્રમ | ટકાવારી |
|---|---|---|
| એ | મેડિકલ/ઈજનેરી અને તેને સંલગ્ન અન્ય અભ્યાસક્રમો<br>એમ.બી.બી.એસ. તથા તેને સંલગ્ન અનુસ્નાતક અભ્યાસક્રમ, ડીગ્રી એન્જિનીયરિંગ કક્ષાના અભ્યાસક્રમો તથા તેને સંલગ્ન અનુસ્નાતક અભ્યાસક્રમ, આયુષ (બી.એચ.એમ.એસ., બી.એ.એમ.એસ., બી.એન.વાય.એસ., બી.એસ.એમ.એસ., બી.યુ.એમ.એસ.), ડેન્ટલ, ફિઝિયોથેરાપી, ઓપ્ટોમેટ્રી, ડિપ્લોમા/ડીગ્રી ફાર્મસી તથા તેને સંલગ્ન અનુસ્નાતક અભ્યાસક્રમ, એન.આઈ.ડી., એન.આઈ.એફ.ટી. જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | ૨૦% |
| બી | અનુસ્નાતક તથા સ્નાતક કક્ષા પછીના ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો<br>એમ.એ, એમ.કોમ, એમ.એસ.સી, બી.એડ, એમ.એડ, બી.પી.એડ, એમ.પી.એડ, બી.લીબ, એમ.લીબ, એમ.એસ.ડબલ્યુ, એમ.ફીલ, એલ.એલ.બી, એલ.એલ.એમ, જર્નાલિઝમ(માસ્ટર), એમ.બી.એ., એમ.સી.એ., પી.જી.ડી.સી.એ., પી.જી.ડી.સી.એમ., પી.એચ.ડી., એમ.એલ.ડબલ્યુ., એમ.આર.એસ., સી.એસ., સી.એ., એમ.એલ.ટી. જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ, એમ.વી.એસ.સી. ઈન વેટેરિનરી સાયન્સ એનીમલ હસ્બન્ડરી, પી.એચ.ડી. ઇન વેટેરિનરી સાયન્સ એનીમલ હસ્બન્ડરી, એમ.એસ.સી. ઈન ફીશરીસ સાયન્સ | ૨૫% |
| સી | સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ<br>બી.એ, બી.કોમ, બી.એસ.સી, બી.બી.એ, બી.સી.એ, બી.આર.એસ., બી.એસ.ડબલ્યુ., બી.જે.એમ.સી., બી.એસ.સી.(નર્સિંગ), બી.એલ.ટી. જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ, બેચલર ઈન વેટેરિનરી સાયન્સ એનીમલ હસ્બન્ડરી, બેચલર ઈન ફીસરીશ સાયન્સ | ૩૫% |
| ડી | અન્ય કક્ષાના અભ્યાસક્રમો,<br>એસ.આઈ., આઈ.ટી.આઈ., એ.ટી.ડી, પી.ટી.સી, સી.પી.એડ, એ.એન.એમ., જી.એન.એમ., ફાઈન આર્ટ્સ જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ, ડિપ્લોમા એન્જિનીયરિંગ, ડિપ્લોમા ઈન એનીમલ હસ્બન્ડરી | ૧૦% |
| ઈ | ધો-૧૧,૧૨, સાયન્સ, કોમર્સ, આર્ટ્સ | ૧૦% |

વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૨૦/૪૧૪/અ.૧ નું સુધારેલ પત્રક-૧

ધો.૧૧-૧૨ ના સરકારી છાત્રાલયો માટે ફેકલ્ટીવાઈઝ પ્રવેશની ટકાવારી

| ક્રમ | વિગત | | સૂચિત ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ધો.૧૧ | સાયન્સ | ૧૦% |
| | | કોમર્સ | ૧૦% |
| | | આર્ટસ | ૧૦% |
| ૨ | ધો.૧૨ | સાયન્સ | ૧૦% |
| | | કોમર્સ | ૧૦% |
| | | આર્ટસ | ૧૦% |
| 3 | ડીપ્લોમા એન્જીનીયરીંગ, અન્ય અભ્યાસક્રમમાં ડીપ્લોમા હોય તો, ડીપ્લોમા ઈન એનીમલ હસ્બન્ડરી | | 30% |
| ૪ | આઈ.ટી.આઈ. | | ૧૦% |
| | | કુલ | ૧૦૦% |

(P.T.O.)

વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૨૦/૪૧૪/અ.૧ નું સુધારેલ પત્રક-૨

કોલેજકક્ષાના સરકારી છાત્રાલયો માટે ફેકલ્ટીવાઈઝ પ્રવેશની ટકાવારી

| ક્રમ | ગ્રુપ | અભ્યાસક્રમ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | એ | મેડિકલ/ઈજનેરી અને તેને સંલગ્ન અન્ય અભ્યાસક્રમો<br>એમ.બી.બી.એસ. તથા તેને સંલગ્ન અનુસ્નાતક અભ્યાસક્રમ, ડીગ્રી એન્જિનીયરિંગ કક્ષાના અભ્યાસક્રમો તથા તેને સંલગ્ન અનુસ્નાતક અભ્યાસક્રમ, આયુષ (બી.એચ.એમ.એસ., બી.એ.એમ.એસ., બી.એન.વાય.એસ., બી.એસ.એમ.એસ., બી.યુ.એમ.એસ.), ડેન્ટલ, ફિઝિયોથેરાપી, ઓપ્ટોમેટ્રી, ડીગ્રી ફાર્મસી તથા તેને સંલગ્ન અનુસ્નાતક અભ્યાસક્રમ, એન.આઈ.ડી., એન.આઈ.એફ.ટી. જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | ૨૦% |
| ૨ | બી | અનુસ્નાતક તથા સ્નાતક કક્ષા પછીના ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો<br>એમ.એ, એમ.કોમ, એમ.એસ.સી, બી.એડ, એમ.એડ, બી.પી.એડ, એમ.પી.એડ, બી.લીબ, એમ.લીબ, એમ.એસ.ડબલ્યુ, એમ.ફીલ, એલ.એલ.બી, એલ.એલ.એમ, જર્નાલિઝમ(માસ્ટર), એમ.બી.એ., એમ.સી.એ., પી.જી.ડી.સી.એ., પી.જી.ડી.સી.એમ., પી.એચ.ડી., એમ.એલ.ડબલ્યુ., એમ.આર.એસ., સી.એસ., સી.એ., એમ.એલ.ટી. જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ, એમ.વી.એસ.સી. ઈન વેટેરિનરી સાયન્સ એનીમલ હસ્બન્ડરી, પી.એચ.ડી. ઇન વેટેરિનરી સાયન્સ એનીમલ હસ્બન્ડરી, એમ.એસ.સી. ઈન ફીશરીસ સાયન્સ | ૩૦% |
| ૩ | સી | સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ<br>બી.એ, બી.કોમ, બી.એસ.સી, બી.બી.એ, બી.સી.એ, બી.આર.એસ., બી.એસ.ડબલ્યુ., બી.જે.એમ.સી., બી.એસ.સી.(નર્સિંગ), બી.એલ.ટી. જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ, બેચલર ઈન વેટેરિનરી સાયન્સ એનીમલ હસ્બન્ડરી, બેચલર ઈન ફીસરીશ સાયન્સ | ૩૫% |
| ૪ | ડી | અન્ય કક્ષાના અભ્યાસક્રમો<br>એસ.આઈ., એ.ટી.ડી, પી.ટી.સી, સી.પી.એડ, એ.એન.એમ., જી.એન.એમ., ફાઈન આર્ટ્સ જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ, ડીપ્લોમા ઈન એનીમલ હસ્બન્ડરી | ૧૫% |
| | | કુલ | ૧૦૦% |